# વડોદરા સમાચાર

## કૃષિ સંલગ્ન બજારોમાં ચમક કેમ આવી સલાહકારો અભ્યાસ કરશે કે કેમ ?

વિશ્વભરમાં કોરોનાને કાબુમાં લેવા માટે તમામ રીતે દરેક દેશની સરકારો ભારે મથામણ કરી રહી છે છતાં કોઈ પણ દેશને સફળતા મળી નથી ! ભારતમાં કેન્દ્ર સરકાર તથા દેશભરની રાજ્ય સરકારો કોરોના ગ્રસ્તોને બચાવવા આરોગ્ય તંત્ર સહિતના જે-તે તંત્ર દ્વારા ભારે પ્રયત્નો કરવામા આવી રહ્યા છે છતાં દેશભરમાં કોરોના સંક્રમિતોનો આક ૧૦ લાખ ૪૧ હજારે પહોચવાની તૈયારીમા છે. અને મૃતાક ૨૬૦૦૦ થી આગળ વધી રહ્યો છે... જ્યારે વિશ્વભરમાં કોરોના કેસો ૧કરોડ ૪૪ લાખથી આગળ વધી રહ્યો છે. વિશ્વભરના દેશોમાં કોરોના વાયરસે દરેક ક્ષેત્રને ભારે અસર કરી છે. તેમાં પણ અનેક દેશોમાં ઉત્પાદન ક્ષેત્રે ભારે અસર થઈ છે. જો કે અત્યારના સમયમાં મેડિકલ ઉપકરણો, દવાઓ અને કોરોનાથી બચવા માટેની મેડિકલ ચીજ-વસ્તુઓની મોટા પ્રમાણમાં માંગ રહી છે. ભારતમાં તો કોરોના મહામારી વચ્ચે પડોશી દેશ દગાખોર મિત્ર ચીને સરહદી ઉબાડીયા શરૂ કરી દીધા છે. તો ચીનના ખોળે બેસી ગયેલા પાકિસ્તાને પણ ભારતની સરહદે ઉબાડીયા વધારી દીધા છે. નેપાળના પીએમ ઓલીએ પણ ચીનના કહેવાથી ઉબાડીયા શરૂ કર્યા છે આ કારણે ભારત સરકારે ચારેતરફ બાજ નજર રાખવા સાથે સમય અનુસાર દરેક પ્રકારના પગલાં લેવામાં ઓત પ્રોત બની ગઈ છે. નોટ બંધીની અસરો મોટા પ્રમાણમાં સમગ્ર દેશમાં પડી છે ત્યારે પડતાને પાટુની જેમ કોરોના વાયરસ રોકવા માટે જે રીતે લાંબો સમય લોકડાઉન કરવાની ફરજ પડી તેને કારણે ભારતભરમાં તમામ ઉદ્યોગીક ક્ષેત્રો, વિવિધ નાના-મોટા માર્કેટો, નાના-મોટા ધંધાઓ ઉપર ભારે પ્રમાણમાં અસરો થઇ છે. લોક ડાઉન છૂટછાટ પછી ત્રણ ત્રણ માસથી બંધ પડી રહેલ નાના-મોટા તમામ પ્રકારના ઉત્પાદન એકમો ખોલવાની શરૂઆત થઈ અને અત્યારે મોટાભાગના ખૂલી ગયા છે પરંતુ અનેક કાર્યરત થયા નથી. વિવિધ બજારો પણ ખુલી ગયા છે પરંતુ બજારમાં ખરીદનારાઓ જ નથી. મોટાભાગના મોટા ઔદ્યોગિક એકમોમાં શ્રમજીવીઓની અછતને લઈને ઉત્પાદન પણ ઓછું થઈ રહ્યું છે. જોકે મેડિસિન ઉત્પાદન કરતા તેમજ કોરોના સંબંધિત થતા ઉત્પાદનોની નિકાસ વધુ પ્રમાણમાં થઈ રહી છે. જે અંદાજે ૭૫ કરોડ થી વધુની નિકાસ થઈ હોવાનુ કહેવામાં આવે છે. પરંતુ આ નિકાસ પાછળનું કારણ છે ભારતમાં આ માલનો ઉપાડ નથી. કે નહિવત્ છે ! અને ભારતમાં ઔદ્યોગિક ઉત્પાદન ઠપ છે જેના કારણે આયાત ઘટી છે અને નિકાસ વધી છે ! ભારત ખેતીપ્રધાન દેશ છે પરંતુ કૃષિ ક્ષેત્રને ખાસ પ્રાધાન્ય આપવામાં આવતું નથી તેનું કારણ છે ખેતીથી દેશની જીડીપી દરમાં વધારો થતો નથી કે આન્શિક છે.! જે કારણે સરકારે દેશમાં થતા વિવિધ કૃષિ ઉત્પાદન ક્ષેત્રને વિવિધ ઔદ્યોગિક ગૃહોની જેમ રાહતો આપી નથી કે સહાય કરી નથી ! સરકાર કે બુધ્ધિજીવીયોએ મોટાભાગે ઔદ્યોગીક ક્ષેત્રની ચિંતા વ્યક્ત કરી છે અને સરકારે પણ એનપીએ માફ કરવા સહિતની તમામ પ્રકારે આર્થિક સહાય, સગવડ કરી આપી.પરંતુ કૃષિ ક્ષેત્રને કે તેને સંલગ્ન નાના-મધ્યમ ઔદ્યોગીક એકમો-કારખાના કે માર્કેટોને કોઈપણ પ્રકારની સીધે સીધી રીતે આર્થિક સહાય આપી નથી ! પરંતુ દેશભરમાં કૃષિ ઉત્પાદનો માર્કેટમાં આવવાનુ શરુ થતાં કૃષિ સંલગ્ન માર્કેટોમાં નાણાની હેર ફેર શરૂ થઈ ગઈ છે તો તેના કારણે વિવિધ માર્કેટમાં પણ પ્રાથમિક તબક્કે સામાન્ય ચમક દેખાવાનું શરૂ થયું છે. સરકારના આર્થિક સલાહકારોને ગ્રામ્યસ્તરે અભ્યાસ કરવાની જરૂર છે કે પછી તેઓ ખેતીક્ષેત્રની નોંધ લઈ ઔદ્યોગિક ક્ષેત્રની જેમ આર્થિક સહાય સહિતની જરૂરી મદદ કરવામાં આવે જમીની ક્ષેત્રે સહાય કરવામાં આવે તો ભારતના માર્કેટોની ચમક આવતાં વધુ સમય નહીં ગુમાવવો પડે પરંતુ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો ઔદ્યોગિક ક્ષેત્રને આપેલા વિવિધ લાભો અનુસાર ગ્રામીણ ક્ષેત્રે- જમીની સ્તરે સીધે સીધી આર્થિક સહાય સહિતની જરૂરી સહાય દેશનો જીડીપી વધારવા માટે આપવા તૈયાર થશે કે કેમ ? તે સવાલ ધરતીપુત્રોમાં ઉદભવી રહ્યો છે !

### વિશ્વમાં કોરોનાના કુલ કેસ વધીને ૧.૪૯ કરોડે પહોંચ્યા

## વેક્સીન બનાવવા માટે ચીન સાથે કામ કરવા માટે તૈયાર : ટ્રમ્પ

ન્યૂયોર્ક,તા.૨૨

વિશ્વભરમાં અત્યાર સુધીમાં કોરોનાના ૧ કરોડ ૪૯ લાખ ૩૮ હજાર કેસ નોંધાયા છે. ૬ લાખ ૧૩ હજાર ૬૦૦ લોકોના મોત થયા છે. ૮૯ લાખ ૩૭ હજાર ૯ લોકોને સારવાર પછી રજા અપાઈ છે. જ્યારે ૬ લાખ ૧૫ હજાર ૩૫૦ લોકોના મોત થયા છે. બ્રાઝીલમાં ૨૧ લાખ ૨૧ હજાર ૬૪૫ કેસ નોંધાયા છે અને ૮૦ હજાર ૨૫૧ લોકોના મોત થયા છે. અહીં ૨૪ કલાકમાં ૨૦ હજારથી વધારે કેસ નોંધાયા છે.

દરમિયાન ૧૦ ડિસેમ્બરના રોજ યોજાનાર નોબેલ પુરસ્કાર સમાહોર રદ કરવામાં આવ્યો છે. નોબેલ ફાઉન્ડેશને મંગળવારે આ અંગેની જાહેરાત કરી. ફાઉન્ડેશન તરફથી જારી સૂચના પ્રમાણે કોરોના સંકટને જોતા આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ સંકટમાં નોબેલ વીકનું આયોજન કરવું યોગ્ય નહીં હોય. આ વર્ષ દરેક માટે ખાસ છે. તમામ લોકોએ ત્યાગ કરવો પડી રહ્યો છે અને નવી સંભાવના સ્વીકારવી પડી રહી છે.ચીનમાં ૨૪ કલાકમાં સંક્રમણના ૧૧ નવા કેસ મળ્યા છે. અહીં સંક્રમિતોની સંખ્યા ૮૩ હજાર ૬૯૩ થઈ છે. એક દિવસ પહેલા અહીં ૨૨ કેસ મળ્યા હતા.અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે કોરોનાની વેક્સીન પહેલા લાવવા માટે અમારી સરકાર ચીન સહિત ઘણા દેશો સાથે મળીને કામ કરી રહી છે. તેમણે કહ્યું કે વેક્સીન બનાવવા માટે ચીન સારું કામ કરી રહ્યું છે. અપેક્ષા કરતા તે રસી વહેલી આવવાની સંભાવના છે. તે લોકો સુધી તરત જ પહોંચાડવામાં આવશે, કારણ કે અમેરિકાની સેના તેને વહેચવામાં મદદ કરશે.અમેરિકાએ ચીનના બે હેકર્સ ઉપર અમેરિકામાં કોરોના વેક્સીન બનાવી રહેલી કંપનીઓના કોમ્પ્યુટરને હેક કરવાનો કેસ કર્યો છે. કાયદા મંત્રાલયે જણાવ્યું હતું કે ચીનના આ બન્ને લોકો વિશ્વમાં અલગ અલગ ભાગમાં કોરોનાની વેક્સીન બનાવનાર કંપનીઓના કોમ્પ્યુટર હેક કરવાની કોશિશ કરે છે.

## ઓનલાઇન ભરતી મેળાઓનું આયોજન

વડોદરા તા.૨૨

વડોદરા જિલ્લામાં ખાનગી નોકરીદાતાઓ દ્વારા નોંધવામાં આવેલ યુનિટમાં ખાલી પડેલ જગ્યાઓ સામે રોજગારવાંચ્છુ ઉમેદવારોને રોજગારીની તકો ઉપલબ્ધ છે. રોજગારવાંચ્છુ ઉમેદવારોને રોજગારીની તકો મળે તે માટે ઓનલાઇન ભરતી મેળાઓનું આયોજન કરવામાં આવ્યું છે. ઉમેદવારે અને નોકરીદાતાઓએ ઓનલાઇન ભરતીમેળામાં ભાગ લેવા માટે લીંક પર રજીસ્ટ્રેશન કરવું. રજીસ્ટ્રેશન માટે રોજગારવાંચ્છુ ઓએ http://forms.gle/bm8WEE9BaUyt9G8k9 અને નોકરીદાતાઓએ https://forms.gle/YsuduWxjwGG5rYvs7 લીંક પર રજીસ્ટ્રેશન કરવું, તેમ મદદનીશ રોજગાર નિયામક, મોડલ કેરિયર સેન્ટર, પહેલો માળ, આઇટીસી બિલ્ડીંગ, આઇટીઆઇ તરસાલી કેમ્પસ, વડોદરા (૦૨૬૫) ૨૬૩૧૩૨૬, ની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### બેન્ક ઓફ બરોડાના ૧૧૩ મા સ્થાપના દિવસ નિમિત્તે

## પ્રાદેશિક કચેરી, બરોડા જિલ્લા વિસ્તાર દ્વારા વિવિધ ક્ષેત્રના પાંચ કોરોના લડવૈયાઓને સન્માનિત કરવામાં આવ્યા




આ હુકમમાં આરોગ્ય વિભાગ સાથે સંકળાયેલ ડો.ગૌરવ પટેલ (કોવિડ સેન્ટરમાં કાર્યરત), પેરા મેડિકલ વિભાગ સાથે જોડાયેલા કુ. હેતલબેન મોચી (કરજણ), જશોદાબેન (કોવિડ સેન્ટરમાં કાર્યરત), સ્વચ્છતા સેવા સાથે સંકળાયેલા

પોલીસ વિભાગમાં કાર્યરત સંતોષ પ્રસાદ પાઠક (વર્નામા) અને સરતાજ ખાન, બેંક ઓફ મહારાષ્ટ્ર, વાલાનમાં કાર્યરત હતા અને તેમને સન્માન તરીકે કોરોના વોરિયર શિલ્ડ એનાયત કરવામાં આવ્યા હતા.આ પ્રસંગે બરોડા જિલ્લા વિસ્તારના પ્રાદેશિક વડા સંજીવ આનંદ, નાયબ પ્રાદેશિક વડા રવિ પાઠક અને અરવિંદ સિન્હાએ આ કોરોના વોરિયર્સને અભિનંદન આપ્યા હતા અને તેઓ સમાજ માટે જે કાર્ય કરી રહ્યા છે તેની પ્રશંસા પણ કરી હતી.

### અમદાવાદ સ્થિત બ્રિહતિ ફાઉન્ડેશને ગુજરાતના

## સ્ટાર્ટ-અપ્સ અને એમએસએમઇને મદદ કરવા ઇન્ક કોવિડ-૧૯ ચેલેન્જની જાહેરાત કરી

અમદાવાદ, ૨૨

નોવલ કોરોના વાઇરસની અસરો સતત વધી રહી છે. વૈશ્વિક મહામારીને નિયંત્રણમાં લેવા તથા નુકશાન ઘટાડવા માટે દેશ સંખ્યાબંધ પગલાં ભરી રહ્યો છે, પરંતુ અર્થતંત્રમાં વ્યાપક અનિશ્ચિતતાઓને પરિણામે સ્ટાર્ટ-અપ્સ, એમએસએમઇ અને યુવા ઉદ્યોગસાહસિકો સ્થિરતા હાંસલ કરવા ઝઝૂમી રહ્યાં છે. દેશભરમાં લાંબા સમય સુધી લોકડાઉનને કારણે આર્થિક પ્રવૃતિઓ અટકી ગઇ છે તેવી સ્થિતિમાં આ સાહસોનું અસ્તિત્વ નિર્ણાયક બન્યું છે. આ સમસ્યાનો ઉકેલ માટે અમદાવાદ સ્થિતબ્રિહતિ ફાઉન્ડેશને TiEઅમદાવાદઅને AICGUSEC સાથે મળીને ઇન્ક કોવિડ-૧૯ ચેલેન્જ નામની પહેલ કરી છે.આ પહેલનો ઉદ્દેશ્ય ગુજરાત સ્થિત સ્ટાર્ટ-અપ્સ, એમએસએમઇ અને યુવા ઉદ્યોગ સાહસિકોને તેમના અસરકારક બિઝનેસ આઇડિયા અને વાસ્તવિક ઉકેલોને અમલમાં મૂકવામાં મદદરૂપ બનવાનો છે, જેથી સમુદાયમાં કોવિડ-૧૯ની અસરને ઘટાડી શકાય. એક સ્પર્ધા બાદ સ્ટાર્ટ-અપ્સ અને એમએસએમઇની પસંદગી કરાશે, જે અંતર્ગત પસંદ કરાયેલા સ્ટાર્ટ-અપ્સ અને એમએસએમઇ પ્રત્યેકને રૂ. ૫ લાખની નાણાકીય સહાય પ્રદાન કરાશે. વધુમાં પસંદ કરાયેલ સ્ટાર્ટ-અપ્સ અને એમએસએમઇ સાથે બિઝનેસની કામગીરી સંબંધિત આયોજન તથા અમલીકરણ વગેરે જેવી બાબતો અંગે પરામર્શ પણ કરાશે.આ પહેલના લાભાર્થીઓ માટે બ્રિહતિ ફાઉન્ડેશન ઇન્ક (આઇડિયા ટુ ઇન્કોર્પોરેશન) દ્વારા અસાધારણ ઇનોવેટિવ ઉદ્યોગસાહસિકોને પ્રોત્સાહિત કરીને પ્રારંભિક તબક્કામાં બિઝનેસના અમલીકરણની તક પ્રદાન કરવાનો ઉદ્દેશ્ય ધરાવે છે. ઇન્ક કોવિડ-૧૯ ચેલેન્સ આ મૂશ્કેલ સમયમાં આત્મ-નિર્ભર બનવા વોકલ ફોર લોકલ પહેલને પણ સહયોગ કરે છે.

## ધ્યાન - અભ્યાસ (મેડીટેશન) શા માટે કરવુ : સંત રાજીન્દર સિંહજી મહારાજ

ધ્યાન વિશ્વના ઘણા ભાગોમાં મુખ્ય પ્રવાહની પ્રવૃત્તિ બની ગયું છે. ધ્યાન કરવાનું મુખ્ય કારણ આધ્યાત્મિક જાગૃતિ છે, પરંતુ અંદર થી ધ્યાન કેન્દ્રિત કરવા શીખવાના વધારાના લાભ છે. આમાંનું એક છે આપણા શરીરને જે ઉપચાર થાય છે.

સંત રાજીન્દર સિંહજી મહારાજ સમઝાવે છે કે છેલ્લા કેટલાક દાયકાઓથી, તબીબો અને વૈજ્ઞાનિકો શારીરિક સ્વાસ્થ્ય સાથે ના સંબંધ અભ્યાસ કરી રહ્યા છે. તબીબી સંશોધન માં કેટલીક બીમારીઓ અને આપણી માનસિક સ્થિતિ અને ભાવનાત્મક સ્થિતિ વચ્ચે સંબંધ હોવાનું સૂચવે છે. એવું જણાયું છે કે જ્યારે આપણે માનસિક તણાવ, માનસિક પીડા કે હતાશામાંથી પસાર થઈએ છીએ ત્યારે રોગ પકડવાની શક્યતા વધારે વધી જાય છે કારણ કે આપણી રોગપ્રતિકારક શકિતને ટોચપર કામ કરવાની ક્ષમતામાં ઘટાડો થાય છે. વિજ્ઞાને જણાવ્યું છે કે કેટલીક બીમારીઓ જેમ કે પાચનસંબંધી સમસ્યાઓ, શ્વાસની સમસ્યા, હૃદયરોગ અને માઇગ્રેનના માથાનો દુખાવો, કેટલીક વાર તણાવને કારણે હોઈ શકે છે. આમ, આપણે એ શક્યતા પર પહોંચી એ છીએ કે આપણા જીવનમાં તણાવ ઘટાડીને આપણે આપણા શારીરિક સ્વાસ્થ્ય અને સુખાકારીમાં સુધારો કરી શકીએ છીએ. આ શક્યતાને શોધવા માટે આપણા જીવનમાં તણાવનું મૂળ કારણ સમજવું જરૂરી છે. આ વ્યસ્ત અને ઝડપી ગતિવાળા વિશ્વમાં, જીવન વધુને વધુ જટિલ બની ગયું છે. સ્પર્ધાત્મક પ્રાથમિકતાઓ, કુટુંબ અને સામાજિક જવાબદારીઓ, જવાબદારીઓ માં વધારો અને વધતી જતી સમય મર્યાદા સાથે, લોકો પાસે પૂરતો સમય નથી. આપણે એવી નોકરીઓ રાખીએ છીએ, જેને લાંબા કલાકો અને વધુ પડતી જવાબદારીની જરૂર પડે છે. કેટલાક બે કામ કરે છે અને પરિવારને ઉછેરે છે. આ બધું જ જાળવી રાખવાનો પ્રયત્ન કરવાથી આપણે ભારે, હતાશ અને ઉશ્કેરાઈ જઈશું.સંત રાજીન્દર સિંહજી મહારાજ સમઝાવે છે કે જ્યારે આપણે ઈશ્વરના આંતરિક પ્રકાશ અને અવાજ પર ધ્યાન કરીએ છીએ, ત્યારે આપણે આપણી અંદર ઈશ્વરના પ્રેમના સંપર્કમાં આવીએ છીએ, જે આપણને આંતરિક શાંતિ, આનંદ, આનંદ અને આનંદથી ભરી દે છે. આ અનુભવ બાહ્ય વિશ્વના તણાવ અને પીડામાંથી આપણું ધ્યાન દૂર કરે છે. આપણે ધ્યાનમાં સમય પસાર કરીએ છીએ ત્યારે આપણે એક શાંત સ્વર્ગ નું નિર્માણ કરીએ છીએ, જેમાં આપણે આપણી માનસિક કામગીરીમાં સંતુલન અને શાંતિ પુનઃસ્થાપિત કરીએ છીએ. ધ્યાનનો બીજો લાભ છે આપણી દૃષ્ટિમાં પરિવર્તન આવે છે, ઘટનાઓ અને સમસ્યાઓથી, જે આપણને ભૂતકાળમાં હેરાન કરી રહ્યા છે એના થી આપણે દૂર થયી રહ્યા હોય છે, અને જીવનને ઉચ્ચ દ્રષ્ટિકોણથી જોઈ શકીએ છીએ. આપણે જીવનનું એક મોટું ચિત્ર જોઈએ છીએ અને સમય જતાં આ વિશ્વ વધુ અસરકારક અને શાંતિપૂર્ણ રીતે કામ કરવા માટે મનનું સંતુલન વિકસાવે છે, જે તણાવ ને ઘટાડી શકે છે અને શરીર અને મનને શાંત કરી શકે છે. આમ, ધ્યાનમાં નિયમિત સમય પસાર કરવા થી, તણાવ ઘટાડવામાં અને આપણા જીવનમાં શાંતિ, સંતુલન અને શાંતિની ભાવના ને વધારવામાં મદદ રૂપ થાય છે, જે આપણા મન અને ભાવનાત્મક સ્થિતિને ઠીક કરે છે અને પરિણામે આપણને આપણા શરીરને ઠીક કરવામાં મદદ રૂપ થાય છે.

## ઇલેક્ટ્રોનિક્સ એપલાઇન્સીસ એન્ડ કોમ્પ્યુટર સર્વિસ ટેક્નિશિયન અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવી શકાશે


વડોદરા તા.૨૨

વડોદરા દાંડિયાબજાર સ્થિત સરકારી ટેક્નિકલ હાઈસ્કૂલ ખાતે અભ્યાસક્રમો શરૂ છે. આ સંસ્થા ખાતે ટી.ઈ.બી.પેટર્ન ધો.૯ પાસ એક વર્ષનો, પૂર્ણ સમયનો અભ્યાસક્રમ ઇલેક્ટ્રોનિક્સ એપલાઇન્સીસ એન્ડ કોમ્પ્યુટર સર્વિસ ટેક્નિશ્યિન માટે પ્રવેશ અરજી ફોર્મ તા.૧૭ જુલાઇ સુધી કામકાજના દિવસોમાં, સવારે ૧૧ થી સાંજે ૪ ના સમયગાળા દરમિયાન વિતરણ તથા સ્વીકારવામાં આવશે. દરેક વિદ્યાર્થીએ સોશિયલ ડિસ્ટન્સ જાળવવું અને માસ્ક પહેરી આવવાનું રહેશે.

## બાજરી બીજા ધાન્યપાકોની સરખામણીમાં સૌથી વધારે અછતની પરિસ્થિતિનો પ્રતિકાર કરી શકે છે

વાવેતર સમય: ફેબ્રુઆરીથી ૧૫ માર્ચ સુધીમાં ઠંડી ઓછી થાય ત્યારે, ઉનાળુ બીજ પ્લોટનું વાવેતર ઠંડી ઉનાળુ બીજ પ્લોટનું વાવેતર ઠંડી ઓછી થયે તુરતજ ૧૫ ફેબ્રુઆરીની આસપાસ વહેલા કરવાથી, પાક સમયસર લઈ ચોમાસા માટે સંકર બીજ વહેલા તૈયાર કરી શકાય છે. તેમજ ઉનાળાના અંત ભાગની તીવ્ર ગરમી અને લુતી માદા લાઈનોમાં દાણા ઓછા બેસવાની વિપરીત અસરમાંથી પાક બચી જાય છે. અને વધુ ઉત્પાદન મેળવી શકાય છે. વાવેણી અંતર: બે હાર વચ્ચે ૬૦ સે.મી. અને બે છોડ વચ્ચે ૧૦-૧૫ સે.મી. અંતર પારવણીથી જાળવવું બિયારણનો દર : માદા: ૩કિ.ગ્રા/હે. અને નર: ૧ કિ.ગ્રા/હે.

વાવેતર પધ્ધતિ: બીજ ઉત્પાદન પ્લોટમાં માદા અને નર જાતોની વાવણી જુદી જુદી લાઈનોમાં કરવામાં આવે છે. અને તેની માદા અને નર લાઈનની વાવણીનો રેશીયો ૬:૨ રાખવામાં આવે છે. એટલે કે છ લાઈન માદાની જયારે બે લાઈન નરની એમ વારાફરતી લાઈનો વાવવામાં આવે છે. તેમજ બીજ પ્લોટની ફરતે નરની ૨થી ૩ બોર્ડર લાઈનો વાવવામાં આવે છે. જેથી બોર્ડર પરના માદાના છોડને સતત પરાગરજ પુરતા પ્રમાણમાં મળતી રહે અને તેથી ઉત્પાદન વધુ મેળવી શકાય છે. બીજ ઉત્પાદન પ્લોટમાં ઉત્પાદનનો આધાર નર અને માદામાં એકી સાથે ફુલ બેસવા પર રહેલો છે. પરંતુ કેટલીક આઈબ્રીડોના નર અને માદા જાતોમાં ફુલો આવવાનો સમય ધ્યાને રાખી, બીજ ઉત્પાદન પ્લોટમાં નર અને માદાની વાવણી જુદા જુદા સમયે કરવી. જેથી નર અને માદા લાઈનોનો ફુલકાળ સમય એકીસાથે જળવાઈ રહે અને ઉત્પાદન પુરતુ મળે. જી.એચ.બી.-૫૫૮ના બીજ ઉત્પાદન પ્લોટમાં નરની વાવણી માદા કરતાં ૧૦થી ૧૨ દિવસ વહેલા કરવી. જી.એચ.બી.૫૩૮, જી.એચ.બી.૭૪૪ અને જી.એચ.બી.-૭૧૯ના બીજ ઉત્પાદન પ્લોટમાં નરની વાવણી માદા કરતા ૫થી ૬ દિવસ વહેલા કરવી. જયારે જી.એમ.એચ.બી.-૫૨૬, જી.એચ.બી. ૭૩૨ અને જી.એચ.બી. ૯૦૫ના બીજ ઉત્પાદન પ્લાટમાં નર અને માદાની વાવણી એકજ સમયે કરવી. સીડ વિલેજ પ્રોગ્રામ લઈ એટલે કે નજીક નજીકના બેથી ત્રણ ગામડામાં એક જ સંકર જાતનો બીજ ઉત્પાદન બ્લોક બનાવી બાજરીનું બીજ ઉત્પાદન લેવામાં આવે તો ફુલ બેસવામાં જે અસુસંગતા જોવા મળે છે. તે નિવારી શકાય છે. તેજ સંકર બીજની શુધ્ધતા વધુ મળે છે. ખાતર: ક. છાણિયું ખાતર: હેક્ટર દિઠ ૨૫થી ૩૦ ગાડા જુનું ગળતીયું છાણિયું ખાતર જમીન તૈયાર કરતી વખતે



નાખવું.રોગિંગ: સંકર બીજ ઉત્પાદન કાર્યક્રમમાં સૌથી અગત્યની કામગીરી રોગિંગની છે. ધારાધોરણો મુજબનું જનીનિક શુધ્ધતા ધરાવતું સંકર બીજ પેદા કરવા સમયસર રોગિંગ કરવું અગત્ય જારૂરી છે. બાજરીમાં માદા (નર વંધ્ય) જાતમાં ફક્ત સ્ત્રીકેસર કાર્યશીલ હોય છે. જયારે નર જાતના પરાગ સિવાય કોઈ અન્ય બાજરીની જાતના પરાગથી ફલિનીકરણ ન થાય તે રોગિંગનો મુખ્ય આશય છે. રોગિંગનું કાર્ય પ્લોટમાં કુશળ મજુરો દ્વારા ખેડૂતે જાતે, બીજ પ્લોટ લેનાર સહકારી કે પ્રાઈવેટ સંસ્થાએ પોતાના ખર્ચે બાજરીના પાકમાં ફુલ અવસ્થા શરૂ થાય તે પહેલા શરૂ કરી, ત્રણથી ચાર વખત રોગિંગની કામગીરી પ્લોટમાં ઘનિષ્ટ રીતે કરવી. રેગિંગમાં જો પુરેપુરી કાળજી લેવામાં ન આવે તો બીજ પ્લોટ નાપાસ થવાની શકયતા વધુ રહે છે. તેથીબીજ ઉત્પાદન પ્લોટમાં જુદા જુદા તબકકે નીચે મુજબની કાળજીઓ રાખી રોગિંગનું કાર્ય કરવું.માદા લાઈનમાંથી નરના છોડ અને નર લાઈનમાંથી માધા છોડ ડૂંડા આવ્યા પહેલા ઉપાડી દૂર કરવા, નર અને માદા જાતોના વિશિષ્ટ લક્ષણો જેવા કે છોડનો ઘેરાવો, થડની જાડાઈ થડના મૂળ પાસેનો રંગ, પાનની લંબાઈ, પહોળાઈ, રંગ અને પાન ઉપર રૂંવાટી, થડ ઉપરની ગાંઠોનો રંગ વગેરેનો અગાઉથી અભ્યાસ કરી તેનો મળતાં આવે તે છોડ રખી, તે સિવાયના વિજાતીય કે શંકાશીલ લાગતા તમામ છેડ ડૂંડા ઉપર થુલી આવ્યા પહેલા ઉપાડી દૂર કરવા, વધુ પડતી વાનસ્પતિક વૃધ્ધિ કે વિકાસમાં નબળા (ઉંચા-નીચા છોડ) દેખાય તેવા વિજાતીય કે શંકાશીલ લાગતા તમામ છોડ ડૂંડા ઉપર થુલી આવ્યા પહેલા પ્લોટમાંથી દૂર કરવા, માદા લાઈનમાં ફુલકાળ સમયે, જો તેની લાઈનોમાં પોલેન શેડ (કાર્યશીલ પરાગરાજવાળા) છોડ જોવા મળે તો તુરત જ ઉપાડી દૂર કરવા, આ રીતે ફુલકાળ સમય દરમ્યાન પ્લોટમાં બે-ત્રણ વખત એકાંતરે ઘનિષ્ઠ રોગિંગ કરવું.

ફુલો આવ્યા બાદથી કાપણી સુધીમાં ડૂંડાનો આકાર, લંબાઈ, જાડાઈ અને ડૂંડા ઉપર મૂંછ તેમજ દાણાનો રંગ આકાર અને સાઈઝ વગેરે લક્ષણોને આધારે પ્લોટમાં રોગિંગ કરવું, બાજરી સિવાયના અન્ય પાકોના છેડ, નીંદામણના છોડ ઉગેલા દેખાય તો તેને શરૂઆતથી જ ઉપાડી દૂર કરવા. આ ઉપરાંત નર અને માદા લાઈનોમાં રોગિંગ દરમ્યાન જયારે જયારે વિજાતિય કે શંકાશીલ છોડ દેખાય તો તેવા છોડ તુરત જ ઉખાડીને દૂર નિકાલ કરવો.

ક્ષેત્રિય નિરીક્ષણ: સંકર બાજરી પ્રમાણિત બીજ ઉત્પાદન પ્લોટમાં ગુજરાત રાજય બીજ પ્રમાણન એજન્સીના તાંત્રિક કર્મચારીઓ ઉભા પાકમાં ચાર વખથે ક્ષેત્રિય નિરીક્ષણ કરવા આવે છે. પ્રથમ ફુકાળ અવસ્થા પહેલા, બીજુ અને ત્રીજુ ફુલકાળ અવસ્થાએ અને ચોથુ ક્ષેત્રિય નિરીક્ષણ કાપણી પહેલા કરે છે.

આ ક્ષેત્રિય નિરીક્ષણ દરમ્યાન પ્લોટમાં બોર્ડર લાઈનોનું વાવેતર, માદા અને નર લાઈનોનું વાવેતરનું પ્રમાણ, એકલન અંતર, વિજાતીય છોડ, પોલેન શેડર છોડ, રોગિષ્ટ છોડ અને નીંદામણના છોડના પ્રમાણની ચકાસણી કરવામાં આવે છે. (સમાપ્ત)

### મથુરાની સેશન કોર્ટે આપ્યો ચુકાદો

## માનસિંહ હત્યાકાંડ : ૩૫ વર્ષે ચુકાદો ૧૧ પોલીસકર્મીને આજીવન કેદ

મથુરા,તા.૨૨

રાજસ્થાનના ભરતપુરના રાજા માનસિંહ હત્યાકાંડમાં ૩૫ વર્ષ બાદ ચુકાદો આવ્યો છે અને ડીએસપી સહિત ૧૧ પોલીસકર્મીને દોષી ઠેરવવામાં આવ્યા છે તેઓ બધાને આજીવન કેદની સજા સંભળાવવામાં આવી છે. જયારે ત્રણને છોડી મુકવામાં આવ્યા છે. આ ચુકાદો મથૂરાની સેશન કોર્ટના ન્યાયાધીશ સાધના રાની ઠાકુર દ્વારા આપવામાં આવ્યો હતો. દોષી જાહેર થતા જ બધા અપરાધીઓને સુરક્ષા સાથે જેલ મોકલી દેવામાં આવ્યા છે.રાજા માનસિંહ ખેડૂતોમાં રાજાના નામથી જાણીતા હતા, તેઓએ રાજસૃથાનના તત્કાલીન મુખ્ય પ્રધાનના હેલિકોપ્ટર અને મંચને પોતાની જીપથી ટક્કર મારી દીધી હતી અને મંચને તોડી નાખ્યો હતો. આ સમગ્ર ઘટનાક્રમ બાદ પોલીસકર્મીઓએ તેમના પર ગોળીઓ ચલાવી તેમની હત્યા કરી નાખી હતી.આ ઘટના ૧૯૮૫માં બની હતી, ૩૫ વર્ષ બાદ આ કેસમાં ચુકાદો આવ્યો છે અને બુધવારે બધા જ અપરાધીઓને સજા સંભળાવવામાં આવશે. રાજા માનસિંહનું પોલીસે ફેક એક્રાઉન્ટર કર્યું હતું, જે પોલીસકર્મીઓ આ કેસમાં દોષી જાહેર કરાયા છે તેમાં સીઓ કાનસિંહ ભાટી, વિરેન્દ્ર સિંહ સહિત ૧૧ પોલીસકર્મીઓનો પણ સમાવેશ થાય છે.હત્યાકાંડ થયો તે બાદ રાજા માનસિંહના જમાઇ વિજયસિંહે હત્યાના આરોપી પોલીસકર્મીઓની સામે કેસ દાખલ કર્યો હતો. સમગ્ર મામલો જયપુર સેશન કોર્ટમાં ચાલી રહ્યો હતો પણ પીડિત પક્ષ દ્વારા રજુઆત કરાતા મામલાને ૧૯૯૦માં મથૂરાની કોર્ટમાં ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. જયાં આટલા વર્ષોથી આ કેસ પેન્ડિંગ રહ્યો અને અંતે ૩૫ વર્ષ બાદ તેનો ચુકાદો આવ્યો છે.રાજા માનસિંહની સાથે ઠાકુર સુમ્મેર સિંહ, હરી સિંહની પણ હત્યા કરવામાં આવી હતી. આ ઘટનાની અસર સમગ્ર દેશમાં જોવા મળી હતી કેમ કે રાજા માનસિંહની હત્યા બાદ લોકોમાં એટલો રોષ હતો કે રાજસ્થાનના મુખ્ય પ્રધાનને જ બદલી નાખવા પડયા હતા.

તે સમયે રાજસ્થાનના મુખ્ય પ્રધાન શિવચરણ માથુર હતા અને કોંગ્રેસ હાઈકમાન્ડે હીરાલાલ દેવપુરીને મુખ્ય પ્રધાન બનાવ્યા હતા. રાજા માનસિંહના પરિવારે હાર નહોતી માની અને આટલા વર્ષો સુધી તેઓ કેસ લડતા રહ્યા. જોકે જે પોલીસકર્મીઓને દોષી જાહેર કરવામાં આવ્યા છે તેઓમાંથી ઘણા નિવૃત થઇ ગયા હશે અને કેટલાક વૃદ્ધાવસ્થામાં પણ પ્રવેશ કરી ચુકયા હશે.રાજસ્થાનના ભરતપુરના મહારાજા કૃષ્ણકુમારસિંહના પુત્ર માનસિંહ ફરી ચર્ચામાં છે. માનસિંહે રાજસૃથાનના તત્કાલીન મુખ્ય પ્રધાનના હેલિકોપ્ટર અને મંચને પોતાની રોયલ જીપથી ટક્કર મારી હતી મંચને તોડી નાખ્યો હતો. જે બાદ જયારે તેઓ આત્મસમર્પણ કરવા જઇ રહ્યા હતા ત્યારે જ તેમની પોલીસે હત્યા કરી નાખી હતી.

Printed by : Kumar Jayantiilal Shah, Published by Kumar Jayantiilal Shah, Owned by Kumar Jayantiilal Shah, Printed at Dharti Printers 28/B,Gopalnagar, Nr.Giriraj Society., K.K.Nagar, Ghatlodiya, Ahmedabad. Published at : IPB House, Kothi Pole, Raopura, Vadodara-390 001.